ગાંધીનગર સમાચાર



## કયા વોર્ડમાં કયા વિસ્તારનું કેટલુ મતદાન

| વોર્ડ નં. ૧ | |
|---|---|
| સે. ૨૬ | ૩૨૨૪ |
| સે. ૨૭ | ૨૮૫૩ |
| સે. ૨૮ | ૨૬૪૦ |
| આદિવાડા | ૯૭૭ |
| કુલ | ૯૬૯૪ |

| વોર્ડ નં. ૨ | |
|---|---|
| બાસણ | ૧૦૫૨ |
| પાલજ | ૧૪૨૩ |
| સે. ૨૯ | ૨૧૮૦ |
| જીઈબી | ૨૨૬૩ |
| બોરીજ | ૨૪૬૩ |
| ઈન્દ્રોડા | ૨૧૭૧ |
| કુલ | ૧૧૫૫૨ |

| વોર્ડ નં. ૩ | |
|---|---|
| સે. ૨૦ | ૧૪૮૨ |
| સે. ૨૧ | ૧૬૯૨ |
| સે. ૨૨ | ૩૦૮૬ |
| સે. ૩૦ | ૧૮૪૦ |
| કુલ | ૮૧૦૦ |

| વોર્ડ નં. ૪ | |
|---|---|
| સે. ૨૩ | ૧૮૯૧ |
| સે. ૨૪ | ૫૬૨૩ |
| સે. ૨૫ | ૧૩૨૧ |
| કુલ | ૮૮૩૫ |

| વોર્ડ નં. ૫ | |
|---|---|
| સે. ૧૩ | ૩૮૬૪ |
| સે. ૧૪ | ૩૦૮૭ |
| સે. ૧૫ | ૧૦૬૯ |
| સે. ૧૬ | ૮૯૫ |
| સે. ૧૭ | ૭૯૬ |
| કુલ | ૯૭૧૧ |

| વોર્ડ નં. ૬ | |
|---|---|
| સે. ૭ | ૩૬૮૯ |
| સે. ૮ | ૧૩૬૦ |
| સે. ૯ | ૦૧૧૩ |
| સે. ૧૨ | ૧૨૨૫ |
| ધોળાકુવા | ૨૨૭૯ |
| કુલ | ૮૬૬૬ |

| વોર્ડ નં. ૭ | |
|---|---|
| સે. ૩ | ૪૮૩૮ |
| સે. ૫ | ૩૭૦૮ |
| સે. ૬ | ૨૪૯૯ |
| કુલ | ૧૧૦૪૫ |

| વોર્ડ નં. ૮ | |
|---|---|
| સે. ૧ | ૬૩૩ |
| સે. ૨ | ૫૦૪૪ |
| સે.૩-એ-ન્યુ | ૧૧૭૯ |
| સે. ૪ | ૩૮૮૯ |
| કુલ | ૧૦,૭૪૫ |

# આજે મનપાની મત ગણતરી

## સવારે નવ વાગ્યે મતગણતરીની કામગીરી શરૂ થશે : ૧૨ વાગ્યા સુધીમાં બધા પરિણામ આવી જશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મહાનગરપાલિકાની દ્વિતીય સવારથી મતગણતરી હાથ ધરાશે અને ૧૨ વાગ્યા સુધીમાં તમામ પરિણામો આવી જશે.



સામાન્ય ચૂંટણીના ગઈકાલે યોજાયેલ મતદાન બાદ આજે સે. ૧૫ની કોલેજ ખાતે મતગણતરી માટે બે હોલ તૈયાર કરવામાં આવ્યા છે અને તેમાં ૧૪-૧૪ ટેબલ પર એક સાથે મત ગણતરી હાથ ધરવામાં આવશે.

દરેક વોર્ડની મતગણરી બે રાઉન્ડમાં સંપન્ન થયા બાદ પરિણામ જાહેર કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

પ્રથમ મહિલા અનામત બેઠકો અને ત્યારબાદ અનામત બેઠકો તેમજ છેલ્લે સામાન્ય બેઠકની ગણતરી કરવામાં આવશે.

મત ગણતરી પૂર્વે પોસ્ટલ બેલેટ અને સર્વિસ વોટર્સના મત ગણવામાં આવશે. આ પછી મતગણતરીની કામગીરી હાથ ધરવામાં આવશે.

ગઈકાલે યોજાયેલ ચૂંટણીમાં ૫૨ ટકા મતદાન બાદ શહેરભરમાં પરિણામને લઈ રાજકીય ઉત્તેજનાઓ જોવા મળી રહી છે. પરિણામને લઈ શરતોનું બજાર પણ બરાબરનું જામ્યુ છે. રાજકીય વર્તુળોમાંથી મળતી બિન સત્તાવાર વિગતો પ્રમાણે એક લાખથી વધુની શરતો લગાવવામાં આવી છે.

ગાંધીનગરમાં થયેલા ઓછા મતદાનને પગલે આજે આખો દિવસ કયા પક્ષને કયા વિસ્તારમાંથી કેટલા મત મળ્યા હશે તે મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બન્યો હતો.

મતગણતરીના સ્થળે બોર્ડર વિંગના જવાનોનો બંદોબસ્ત રાખવામાં આવ્યો છે. આ ઉપરાંત સ્થાનિક પોલીસનો પણ બંદોબસ્ત છે.

મતગણતરી મથકમાં વોર્ડની ગણતરી અને પરિણામ જાહેર થયા બાદ જ બીજા વોર્ડના ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવશે.

## સાત બુથમાં ૧૦૦થી ઓછી મહિલાઓએ મતદાન કર્યું

### પાંચ બુથમાં ૧૦૦થી ઓછા પુરૂષોએ મતદાન કર્યું

**મતદાનની વણકથી વાતો...**

- શહેરમાં સૌથી ઓછુ મતદાન વોર્ડ ને. ૧ના બુથ નં. ૧૪માં નોંધાયું છે. જે ૧૫.૦૮ ટકા છે.
- સૌથી વધુ મતદાન વોર્ડ ને. ૨ ના બુથ નં. ૧માં નોંધાયું છે જે ૮૫.૪૮ ટકા છે.
- ૭૦ જેટલા બુથ એવા છે જ્યાં ૫૦ ટકાથી વધુ મતદાન નોંધાયું છે.
- સાત બુથો એવા છે જ્યાં મહિલા મતદારોની સંખ્યા ૧૦૦ થી પણ નીચી નોંધાઈ છે. સૌથી ઓછી મહિલાઓએ મતદાનમાં ભાગ લીધો હોય તેવો વોર્ડ નં. ૬ના બુથ નં. ૧૪માં બન્યુ છે જ્યાં માત્ર ૪૨ મહિલાઓએ મતદાન કર્યું છે.
- ૧૦૦થી ઓછી મહિલાઓએ મતદાન કર્યું હોય તેવાં વોર્ડ નં. ૧ના બુથ નં. ૧૪માં ૫૧ મહિલા, ૧૮માં ૯૪ મહિલા વોર્ડ નં. ૨ માં બુથ નં. ૧૦માં ૭૯ મહિલા, વોર્ડ નં. ૩માં ૨ નંબરના બુથમાં ૯૮ મહિલા, વોર્ડ નં. ૫ના બુથ નં. ૨૫માં ૯૫ મહિલા અને વોર્ડ નં. ૬ના ૧૪ એ બુથમાં ૭૧ મહિલાએ મતદાન કર્યું છે.
- વોર્ડ નં. ૧ના બુથ નં. ૧૮માં કુલ નોંધાયેલ મતદાનમાં ૧ મહિલા મતદારે પુરૂષ મતદારો કરતાં વધારે મતદાનકર્યું છે.
- વોર્ડ નં. ૧ બુથ નં. ૧૪માં ૬૦ પુરૂષ અને બુથ નં. ૧૮માં ૯૩ પુરૂષ મતદારોએ મતદાન કર્યું છે તો વોર્ડ નં. ૩ના બુથ નં. ૨૨માં ૯૯ પુરૂષ મતદારોએ મતદાન કર્યું છે. વોર્ડ નં. ૬ના બુથ નં. ૧૪ અને ૧૪ એ માં ૧૦૦ કરતાં ઓછા પુરૂષ મતદારો નોંધાયા છે. પાંચ બુથ એવા છે જ્યાં પુરૂષ મતદારો ૧૦૦થી ઓછા નોંધાયા છે.
- ગાંધીનગર શહેરમાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૧,૫૦,૬૧૦ છે.

# ઓછુ મતદાન કોને સત્તાની બાગડોર સોંપશે

## મતગણતરી પુર્વે પરિણામલક્ષી ચર્ચાથી રાજકીય ઉત્તેજના : દિવસ દરમિયાન ચુંટણી પરિણામોનો તાગ મેળવવાનો મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બન્યો

ગાંધીનગર તા ૨૫


આ શહેર તમારા મનસુબા ઠુકરાવી દે કહેવાય નહી... મહાનગરપાલિકાના ચુંટણી જંગ બાદ મતગણતરીની પ્રક્રીયા પુર્વે આજે નગરમાં રાજકીય ઉત્તેજનાનો માહોલ છવાયેલો રહયો હતો. ઓછુ મતદાન કયા પક્ષને સત્તાનુ સકાનીપદ અપાવશે.. જયારે કેટલી પેનલો તુટશે ...નિરસ મતદાનના અંતે અનેક સવાલો વચ્ચે ચુંટણી પરિણામની ચોરે અને ચૌટે ચર્ચાઓ સંભળાતી હતી. ગત ચુંટણીની સાપેક્ષમાં ૬ ટકા જેટલુ મતદાન ઓછુ થયુ છે. ત્યારે ચુંટણી પરિણામનો તાગ મેળવવો પણ રાજકીય પક્ષો માટે મુશ્કેલ બન્યો છે.

બન્ને પક્ષો જીતની અપેક્ષા સહજ રીતે બયાન કરી રહયા છે. ત્યારે આજે દિવસ દરમિયાન નગરજનોમાં પણ ચુંટણી પરિણામનો મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બન્યો હતો. ચુંટણીમાં અપેક્ષિત કરતા ઓછુ મતદાન થતા સત્તાના સમીકરણો કોના માટે ફેવરેબલ બનશે તે પ્રશ્ન વધુ જટીલ બન્યો છે. મતદારોના અકળ મૌનના અંતે ઓછુ મતદાન કોના માટે ફાયદારૂપ બનશે તે મુદ્દો ચર્ચાના ચગડોળે રહયો હતો.

શહેરમાં મહાનગરપાલિકાની ચુંટણીમાં રાજકીય પક્ષોની ધારણા કરતા મતદાન ઘણુ ઓછુ થયુ છે. જયારે ગત મહાનગરપાલિકાની ચુંટણીની સાપેક્ષમાં પણ ૬ ટકા જેટલુ મતદાન ઓછુ થતા ચુંટણીમાં કોણ મેદાન મારી જશે તેનો તાગ મેળવવો વધુ મુશ્કેલ બન્યો છે.

મતદાનના બીજા દિવસે આજે શહેરમાં ચુંટણી લક્ષી પરિણામની ચર્ચા વચ્ચે ગરમાવો જોવા મળ્યો હતો. મતદાનના અંતે મતગણતરીને અનુલક્ષી ઉત્તેજના વધુ પ્રબળ બની છે. મતદાનના બીજા દિવસે આજે સેકટરોમાં જાહેર સ્થળોએ પણ આમ નાગરિકો ચુંટણી પરિણામની ચર્ચા કરતા નજરે પડયા હતા. સમર્થકોની ભીડભાડના અભાવ વચ્ચે મતદારોનુ અકળ મૌન અને જ્ઞાતિવાદના સમીકરણો મજબુત રીતે મંડારાયા બાદ ઓછુ મતદાન ચુંટણી લક્ષી પરિણામનો તાગ મેળવવા માટે વધુ મુશ્કેલ સાબિત થયુ છે.

શહેરના જાહેર સ્થળો ઉપરાંત સેકટરોની શેરીઓમાં આજે ચુંટણી પરિણામો માટેની ઉત્સુકતા ચર્ચામાં બયાન થતી જોવા મળી હતી. ત્યારે નગરપતિ થવાના મનસુબા કોના સાકાર થાય છે. તે વાત પર કાંઈ જાજો સમય પડદો રહેવાનો નથી.



# એલ.ઈ.ડી. લાઈટના નવા ફીટીંગ બાદ પણ જુની સમસ્યા યથાવત

## શહેરના આડા રસ્તાઓ પર કેટલાક પોલ્સ હજુ પણ બંધ હાલતમાં

ગાંધીનગર તા ૨૫

શહેરના માર્ગો પર એલ ઈ ડી લાઈટનુ અજવાળુ પથરાયેલુ જોવા મળે છે. પરંતુ આડા માર્ગો પર સ્ટ્રીટ લાઈટના કેટલાક થાંભલા હજુ પણ બંધ હાલતમાં છે. એલ ઈ ડી લાઈટના ફીટીંગ પહેલા ટેકનિકલ ખામી દુર કરવામાં ન આવતા અમુક થાંભલાઓની લાઈટો ડુલ છે.

શહેરમાં સ્ટ્રીટ લાઈટો વારંવાર ડુલ રહેતી હોવાની ફરિયાદો ઉઠવા પામે છે. જયારે સેકટરોમાં સ્ટ્રીટ લાઈટની જાણવણીનુ કામ ટોરેન્ટ પાવરને સોંપવામાં આવ્યુ છે. જો કે ટોરેન્ટ પાવર આ જવાબદારીમાંથી હાથ ઉંચા કરવાના પ્રયાસમાં હોવાથી તંત્ર દ્વારા નવી એજન્સીને કામ આપવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જયારે શહેરમાં એલ ઈ ડી લાઈટનુ અજવાળુ પથરાય તે માટે પણ નવી યોજના હાથ ધરવામાં આવી છે. શહેરના આડા રસ્તા પર પ્રાયોગિક ધોરણે એલ ઈ ડી લાઈટો મુકવામાં આવી છે. પરંતુ કેટલાક ઠેકાણે હજુ પણ લાઈટો ડુલ રહેતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.

શહેરમાં રોડનં-૫, ૬ અને ૭ સહીતના આડા રસ્તા પર એલ ઈ ડી લાઈટો મુકવામાં આવી છે. જયારે એલ ઈ ડી લાઈટના અજવાળાના લીધે શહેરીજનોમાં અનોખુ આકર્ષણ પણ ઉભુ થયુ છે. પરંતુ એલ ઈ ડી લાઈટો ફીટ કરવાની કામગીરી પુર્વે જરૂરી ટેકનિકલ ફોલ્ટ દુર ન થયો હોય તેવી સ્થિતિ સર્જાઇ છે. અગાઉ બંધ રહેતા સ્ટ્રીટ લાઈટના થાંભલા હજુ પણ બંધ જ છે. જયાં નવી લાઈટો ફીટ કરાયા બાદ પણ અજવાળુ પથરાયુ નથી. જેના લીધે આમ નાગિરકોમાં આક્રોશ પ્રવર્તયો છે. આ બંધ લાઈટો ચાલુ થાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## નિવૃત્ત મુખ્ય ઈજનેર જે.જે. શિયાણીના ધર્મપત્નીનું દુ:ખદ અવસાન

ગાંધીનગર, તા. ૨૫

માર્ગ મકાન વિભાગના નિવૃત્ત મુખ્ય ઈજનેર જે. જે. શિયાણીના ધર્મપત્ની વીણાબેનનું સોમવારે સાંજે હૃદયરોગના હુમલામાં દુ:ખદ અવસાન થયું છે. સદ્દગતની અંતિમ યાત્રા મંગળવારે તા. ૨૬ એપ્રીલના રોજ સવારે ૯-૩૦ કલાકે તેમના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૦૬, સેક્ટર-૨એ ખાતેથી નીકળશે.


ગાંધીનગર માટે
LED, LCD & Colour TV રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર




ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com